ફેશનની ફીસીયારી

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર

ડાહ્યાભાઇ બાપુભાઇ પટેલ.

ઠે. રત્નદિપક કારખાનું.

નડીઆદ

મહાત્મા ગાંધીજીની સ્તુતિ.

([illegible])

[illegible]
[illegible]
[illegible]
[illegible]
જીવન [illegible]
[illegible]
[illegible]
પ્રેમ [illegible] ગાવો૦

દાન આપવાનું સુપાત્ર સ્થાન ! !

હિંદુ અનાથ આશ્રમ

નડીઆદ.

દરેક જાતનાં દાન લેવાય છે દરેક દાનની પાવતી મળે છે. તમામ હિંદુ જાતીનાં બાળક બચાવાય છે. જુઓ ઈશ્વરે આપ્યું હોય તો દાન કરવાના દરેક પ્રસંગે ફૂલ નહિ ને ફુલ—પાંખડી દાન મોકલી આપણા હિંદુ અનાથ બાંધુઓને બચાવશો.

આ અનાથાશ્રમ તમામ કોમનાં ૧૧૫ નાંના મોટાં અને અશક્ત અપંગોનું વર્ણ વ્યવસ્થા પ્રમાણે પાલણ પોષણ કરે છે. નાનાં બાળકો ત્યજાએલાં ઉછેરાય છે.

દયા કરી દાન મોકલી રીપોર્ટ મંગાવા લખો.

મંત્રી. હિંદુ અનાથ આશ્રમ નડીઆદ.

દુનીયામાં કપટ કરનાર કોણ છે ?

: હવે જુજ નકલ બાકી છે.

વહેલો તે પહેલો.

નિર્દોષ ને આનંદી રમત—

" રત્નબાજી "

જ્ઞાન સાથે આનંદ હમેશાં મેળવો. કીંમત જુજ ફકત દોઢ આનાની ટીકીટ બીડનારને ઘેર બેઠાં મોકલીશું.

સ્વરાજ્ય ભકતનાં મળતાં પુસ્તકો.

ફેશનની પ્રીશીયારી. ભા. ૧. ૨.	૦—૧—૦
સ્વરાજ્ય કીર્તન.	૦—૦—૬
મહાત્મા ગાંધીને ઈંગ્રેજી બેરીસ્ટરનો અસહકાર ઉપર સંવાદ.	૦—૦—૬
આ પીઓ છો કે બીડી.	૦—૦—૩
વિદ્યાર્થિ વલોવાનો સંચો.	૦—૦—૩
સ્નેહપૈશો બાબર ભાગ—૨	૦—૧—૬
શુકલતીર્થ મહાત્મા.	૦—૧—૦
મોંઘવારીની ફરિયાદ.	૦—૧—૦

ડાહ્યાભાઇ બાબરભાઇ પટેલ.

રત્નદીપક—નડીઆદ.


જસમાઇનનો રેડજેમેકા. | સારસા પરેલા. | આયોડાઇઝ્ડ.

લોહી સુધારનારી સર્વોત્તમ દવા તરીકે પ્રજામાં તે સુપ્રસિદ્ધ છે. ઘણાં કેળવાયેલાં કુટુંબોમાં તેનો મોટા પ્રમાણમાં ચાલુ વપરાશ થયાં કરે છે. પ્રમેહ, ચાંદી, વિસ્ફોટક, કોઢ, ખસ, લુખસ, દરાજ, ખરજવાં, ગડગુમડ, ચામડીમાં ચીરા પડવા વિગેરે દરદો ખરાબ લોહીથીજ થાય છે. જસમાઇનનો આ સારસાપરેલા આ દરદોમાં ઘણોજ અકસીર છે. બીજો કોઇ પણ સારસાપરેલા વાપરતા પહેલાં આ જસમાઇનના સારસાપરેલાની જરૂર અજમાવેશ લેજો. એથી તમે શરીરે બહુજ નિરોગી બનશો અને પૈસે ખુવાર થતા પણ બચશો. કીંમત ૧ શીશીનો રૂ. ૧॥, વી. પી. થી રૂ. ૧॥= ત્રણ શીશી રૂ. ૫)= ૬ શીશી રૂ. ૯)= વી. પી. સાથે.

જસમાઇન એજન્સી—મુ. પો. નડિઆદ—ગુજરાત.

ફેશનની ફીસીયારી.

કે કળીયુગની કુંચી.



ભાગ ૧ લો.

રાગ (રૈઢા તારો ખુબ છે દાડો.) એ ટેક.

જમાનો તો બદલાયો રે, હળાહળ કળજુગ આવ્યો એ ટેક.
હીંદ તણા ઉદયને માટે, અરજ કરૂં છું આજ—૨
સ્વાર્થીઆ મુરખને નહિ ફાવે, સાચે સાચી વાત,
વિચારવંતા વિચાર કરશો—૨ રે. જમાનો ૧
ઉંચ હતા તે નીચ બન્યા કંઇ, નીચ તે ઉંચ મનાય—૨
ધર્મને નામે ધાડજ આવી, પાપને પંથ પળાય,
અંધાપો ધોળે દી આવ્યો—૨ રે. જમાનો. ૨
જે પ્રેમદા પડદે રહેનારી, તે ધરી લેડી પોશાક—૨
મીસ્તરનો કર ઝાલી બજારે મ્હાલી રહી છે અથાગ
અરે આડો આંકજ આવ્યો—૨ રે. જમાનો ૩
નીતી રીતી સૌ નેવલે મુકી ઉર અનીતી ચહાય—૨
ફેશન બાઇને ફંદે ફસાયા રંકને મોટા રાય,
તોબા ગઇ ટેપ ઢવાયો—૨ રે. જમાનો ૪

ઝેર ને વેર વધ્યાં વસુધામાં, વ્યસન વધ્યાં વિધવિધ–૨
ગાંજો અફીણ ને દારૂના બાટલ, હોટલમાં જઇ પીધ
ગાંઠેથી ગર્થ ગુમાવ્યો—૨ રે જમાનો ૫
જે નૃપને ગૃહ ચાંદી સોનાના, પાત્ર તણો નહી પાર–૨
તે રાજમંદીરમાં જઈ જોતાં, દેખાય ઠારો ઠાર
લોખંડનો લાટ ભરાયો—૨ રે. જમાનો ૬
સુદ્દલ ચેન પડે નહિ આ વિણ ચાએ વાળ્યા દાટ–૨
રાયથી માંડીને રંક કહાવે, સૌને થયો સનિપાત
વિલાયતનો વાયરો વાયો–૨ રે જમાનો ૭
સેંન્ટ લવન્ડર લેમ્પથી મોહ્યા, મોટરમાં મશગુલ–૨
બાઈશીકલને ભાઈ વર્યા છે, આપી મોં માગ્યાં મુલ
ગળે નેકટાઇ લગાયો—૨ રે. જમાનો ૮
દાતણ બાવળનાં બદલાયાં, બ્રસથી મોહ્યું મન–૨
અંજન મંજનમાં થઇ રંજન, ધુળ કરે છે ધન
ગણ્યો નવ જાય ગણાયો–૨ રે. જમાનો ૯
ત્રાંબા પિતળનો પારજ આવ્યો, લોખંડ ઘેર ઘેર—૨
જયાં નીરખો ત્યાં ટેબલ ખુરસી, બોલ્લાર ઠેર ઠેર
યુરોપી ઠાઠ મચાયો—૨ રે. જમાનો ૧૦
દેશનો વેશજ બેશ ન લાગે, વર્યું વિદેશીથી વાલ–૨
બુટ પહેરી પાટલુન ચઢાવી, બન્યા ગોરાના બાલ
જાણે મેમ સાહેબનો જાયો–૨ રે. જમાનો ૧૧

સ્ટોકીંગ કોલર કોટ ને જાકીટ, જોઈએ વિલાયતી સ્ટીક-૨
ચાંદલીએ ચસ્મા તો ચોટયાં, હોંસે બ્રાન્ડી ડીક
ચીરૂટનો છે હુડકાયોરે—૨ રે. જમાનો ૧૨
" બી. એ. બનીને ભાઈ બોએ છે, બાઈ બકી ઘરમાંય-૨
બાહેર બીલ્લી થકીજ બીએ છે. તે શું ઉકાળે હુય
જનેતા એ શીદ જાયો—૨ રે. જમાનો ૧૩
જ્ઞાતીબંધન તોડવા માટે, સમાજીષ્ટો બતાવે જોર;
પ્રપંચ જાળ ફેલાવા જાતાં, ઉતર્યો તેમનો તોર.
આખર પ્રાયશ્ચિત લેવાયો—૨ રે. જમાનો ૧૪
દાનત બગડી પશુપતિની તો વેચવા માંડયું દુધ—૨
લક્ષ્મીની લાલચે લપટાઇ ખોઈ પોતાની બુધ.
છાશનો તોટો જણાયો—૨ રે. જમાનો ૧૫
પશુ પતિ પણ મનમાં સમજ્યા કે ધનપતિ કેમ થવાય
રસ્તો સારો દેખાઈ આવ્યો, જો સંચે દુધ વેચાય
પાણી અર્ધ ભાગ સમાયો—૨ રે. જમાનો ૧૬
ફોગટની લક્ષ્મી મેળવવા મન બહુ લલચાય
જેવી દાનત તેવી બરકત, એજ પ્રભુનો ન્યાય
ખરે તે નવ પરખાયો—૨ રે. જમાનો ૧૭
સ્વરાજય વાદીને વિનતી હમારી દેજો સહ ઉપદેશ
દુધના સંચા બંધ કરાવી. સબળ કરો આ દેશ
સાચી સેવા એજ જણાવો—૨ રે. જમાને ૧૮

૮

વકીલ વૈદ્યને વેશ્યાઓનું આઝું વધ્યું હતું જોર
વીત હરે વસુધા પરથી હા, કરે છે શોર બકોર
વકીલાતો બંધ કરાવો—૨ રે. જમાનો ૧૯
શીશ થકી શીખા સટકી તે, હા લટકીજ લેલટ—૨
નમી નમી નમી શું સુચવે છે ? વિકૃતામાં ઉંડી વાટ
દેશની દાઝ ન લાવ્યો—૨ રે. જમાનો ૨૦
ભણી ગણીને સૌ જન ઇચ્છે. નિર્લજ નોકરી ઉર—૨
સુર ને નુર ગુમાવી બેઠા, બની ગયા અસુર
ગુર્જરેશ્વરી ગાત્ર ગળાયો—૨ રે. જમાનો ૨૧
ધીક્ઃ છે ધીક્ઃ છે એવા દેશ દ્રોહીને ધીક્કાર—૨
ગોરી તજી ઘરની ગુણવંતી જોઈ ગુણીકાથી પ્યાર
ખરે જર ખુબ ઉડાવ્યો—૨ રે. જમાનો ૨૨
ચીની ચલાણાં પ્યાલા રકાબી, ફાનસ ફક્કડ લીધ—૨
ફુટી જતાં ફુટી બદામ નાવ્યો, ફોગટ ફેંકી દીધ
આંખે નવ જાય દેખાયો—૨ રે. જમાનો ૨૩
વાજાં વીવીધ પ્રકારનાં લાવી, સુકયું ગજાવી મકાન—૨
બગડયું કે પછી બારજ વાગ્યા, તેનું મળે નહી ભાન
પૈસા પર પાણી ફીરાયો—૨ રે. જમાનો ૨૪
એરંડીયું તો અદ્રશ્ય થયું ને, ગંધાતું ચ્યાસલેટ—૨
બેહદ આવી ભરાયું ઘરો ઘર, પાકી ઉઠયું જ્યાં પેટ
જો ફર્યા જાય બંધાયો—૨ રે જમાનો ૨૫

દેશની દોલત હાય વીદેશે, એ રીતે ચાલી જાય–૨
તો પણ આંખ ઉઘાડી ન દેખે કયાંથી દેશોદય થાય
આવી દારીદ્ર ભરાયો–૨ રે. જમાનો ૨૬
ચોળી મટીને પોલકાં પેઠાં, પારસી ડ્રેસ-પોસાય–૨
કંથ કહ્યાગરી કાન્તા મળે ના, વર વધુ વશ વરતાય.
એ તે વર કે ? ઘર જાયો—૨ રે. જમાનો ૨૭
"છાયલ છીંદડી ગયાં છુપાઇ, ગવનથી ગુલતાન–૨
ચુડી મટી ચતુરામાં વધ્યું છે, બંગડી બાઇનું માન
કાને એરીંગ અડાયો–૨ રે. જમાનો ૨૮
"બારીક વસ્ત્ર વપુએ ધારી નારી હૈયે હરખાય–૨
અંગ તમામ દેખાઇજ આવે, સુજ્ઞ જોઇ શરમાય
ગુણીકાનો વેશ ભજાવ્યો—૨ રે. જમાનો ૨૯
રાંડી તે ઘર માંડી બેઠી, માંડી બાંધી પર પ્યાર–૨
ભક્તાણી થઇ દેવ મંદીરમાં, કરે છે વ્યભીચાર
પતીવ્રતાનો પારજ આવ્યો—૨ રે. જમાનો ૩૦
પાન ખાઇ પીચકારી મારે, રાખે મુખડું લાલ—૨
બારીએ બેઠી નારી એ બોલે, બોલે મુખથી બેતાલ
મલાજે છેક મુકાયો—૨ રે જમાનો ૩૧
બાળક ઉમરની લલના કદી વૈધવ્યતાને થાય—૨
પુનર્લગ્ન કરવા તેનું શાસ્ત્રની મુદી માગાય
પત્રે ઢંઢેરો પીટાવ્યો—૨ રે. જમાનો ૩૨

બાળા વરસે બારજ કેરી, બાળકીમાંજ લેખાય-૨
જે રમી રાજી થતી ઢીંગલીએ તે ગર્ભવંતી થાય
સારા દી જાય કહાયો—૨ રે. જમાનો ૩૩
પાખંડીને પુર પ્રેમથી પુજે સાધુને ચીતમાં ન ચા'ય
ધર્મીને ધામે ધાડજ આવે, પાપી પનોતા થાય
દ્રષ્ટીએ જાય દેખાયો—૨ રે. જમાનો ૩૪
પાખંડ પ્રપંચ વૃદ્ધિ પામ્યા, ચોરી ચાડી જુઠ જાર-૨
સત્ય સરી પાતાળે પેઠું, જામી ગયો છે જુગાર
હશે શું દૈવને ભાવ્યો—૨ રે. જમાનો ૩૫
પૈસાદારને પ્રેમથી પુજે, પંડિત ના પુજાય-૨
હોય ભલે પછી તે બ્રહ્મવેતા, એવો અરે અન્યાય.
ઠોળીમાં જાય કળાયો—૨ રે જમાનો ૩૬
પૈસા પડાવા પુત્રીને વેચે, પેખી પળીએલ કંથ-૨
અંગની શક્તિ ભંગ થઇ. જેના ડાચામાં ન મળે દંત
ઓખો કહી જાય બોલાવ્યો—૨ રે. જમાનો ૩૭
પેપર માસીકમાં વળી છુટી નોટીસ બહુ નીરખાય-૨
વૈદ તણું જાણે વહાણુજ ફાટયું બની લુંટારા હાય
ખરે દેશ લુંટીને ખાયો—૨ રે. જમાનો ૩૮
ભપકાબંધ ભાષણો કરીને લોકોને ફસાવે-૨
ભોળા બીચારા હિંદ વાસીયો, બારી રીતે લોભાવે
ધુતારાનો તાલ છે કેવો—૨ રે. જમાનો ૩૯

આડુ અવળું સમજાવીને. દેશ બધો ધુતી ખાય–૨
એવા ધુતારા દેશમાં ફાટયા, માટે જાગો હાય
નહિ તો દેશ ફોલીને ખાશે—૨ રે, જમાનો ૪૦
પાંચ દશ મિત્રો ઉભા થઇને, કંપની કાઢે છે–૨
ભાઇ મેનેજર સાળો એજન્ટ કમીશન બનેવીનું આપે છે.
યુક્તિએ શેરો વેચાવે, લોકોને રાખોડી ચોળાવે-૨ રે જમાનો૪૧
કરજે નાણું કાઢવા જાતાં પુત્ર બને છે આપ-૨
દેવા પડે જયારે દામજ ત્યારે બની બેસે છે બાપ.
ભુંડે ભાર બોજ ગુમાવ્યો–૨ રે. જમાનો. ૪૨
ચોર હતા તે શાહુ બન્યા કંઈ શાહુ બીચાર ચોર–૨
વારજ ! ! તેની ધાડજ આવી કયાં કરવો જઈ શોર
ખરે બીજે ખેતને પાયો–૨ રે. જમાનો ૪૩
નીચ મજી શણગારજ સુંદર, ધાલી ફરે ઘડીયાળ–૨
મારગમાં કદી સામા મળે તો, કોણ કરે તે કાળ
હશે મોટા ઘરનો જાયે–૨ રે. જમાનો ૪૪
મેળા ખેળામાં જઈ જોતાં, દીલ મારૂં દુખાય–૨
ઢેને ભંગી સામા મળે તો ધકો મારી ધુસી જાય
તોયે નહિ દુર ખસાયો—૨ રે. જમાનો ૪૫
દેવ વસ્યા જઇને ડુંગરામાં, મઠકે સોડે પી–૨
રામનું રાજ્ય છતાં ગાડીઓમાં (અંત્યજ) આપે ભીડ
સુખેથી કંઇ ન કેવાયો—૨ રે. જમાનો ૪૬

ક્હેવાય ત્યારે ઠાકોર મોટા, પણ ઠાઠ કીધો દુર—૨
કન્યા કુળવાનનાં નહિ લેતાં, જે પુરે પૈસા ભરપુર
તે પાસે હસ્ત લંબાવ્યો—૨ રે. જમાનો ૪૭
દેવ દીઠા ન ગમે દ્રષ્ટિએ તિરથ પ્રત્યે વેર—૫
સેલ સપાટે ભાઈ સીધાવે લાયક લંડન શહેર
વર્ષાદ વીતનો વરસાવ્યો—૨ રે. જમાનો ૪૮
હા સરદાર શુરા દીસે છે લઈ પનાકડું હાથ ૨
કાબર તેતર હોલા હણીને દુભવે જગ નાથ
શુરો નહિ સિંહ મરાયો—૨ રે. જમાનો ૪૯
પુરૂષમાંથી ઘટયું પુરૂષાતન જામ્યું સ્ત્રીઆનું રાજ—૨
બાઇ બિલાડી ને સાઈજ ઉંદર એવું બન્યું છે આજ
બુરો બાળલગ્ન ભરાયો—૨ રે. જમાનો ૫૦
બેસી ગયાં ડાચાં બુઢીયાનાં શ્વેત થયા શીર કેશ—૨
તોય રહ્યો વળગી વ્યભિચારે, મુખ પર ચોપડી મેશ
કામી કામથી ન ધરાયો—૨ રે જમાનો ૫૧
માત પીતા થઈ પાળક પોતે, બાળકને દઈ બોધ-
પેટ નીમીતે પાપ કરાવે, કરી કારમો ક્રોધ
કેહું શું ન જાય કથાયો—૨ રે. જમાનો ૫૨
વાળ પરાયા થાય ભલે પણ, લે અસમાન મકાન—૨
પાળક બાળકનો થઈ પોતે, ઘાલી એવું ઘમશાન
જેવામાં હાથ ડુબાવ્યો—૨ રે. જમાનો ૫૩

કોણુ કવિને ભાવ પુછે છે, ભાંડ ભવૈયા ચાંય ૨
ભાવ ખુશી નાયકાને નચાવી, વીત તેમાં વપરાય
કોવીદને કંઇ ન અપાયો–૨ રે. જમાનો ૫૪
ઉત્તમ સાક્ષરના કરતાં પણુ, પુસ્તક ના પોસાય-
નાટકમાં નાણું બહુ ખરચે, ચીથરડાં ચીત થાય
સાહિત્યને ના શણગાર્યો–૨ રે. જમાનો ૫૫
પાળી પોષી મોટા કીધા; પુત્રો ઝાઝા લડાવી લાડ-
વૃદ્ધપણે લાકડી લઇ છે, ભાંગે પીતાના હાડ
વળ્યો નવ જાય વળાવ્યો ૨ રે. જમાનો ૫૬
નાટક સરકસ ને સીનેમાના, ખેલ વધ્યા વિધ વિધ–૨
વીત હરી વસુધા પરથી હા, સૌને ભીખારી કીધ
ખરો કુછંદ લગાયો—૨ રે. જમાનો ૫૭
શહેરમાં હોટલ ગામડે હોટલ, હોટલ હોટલ હાય–૨
વર્ણ અઢારે આવી ભરાઈ, ચા ને બીસકુટ ખાય
અભક્ષા ભક્ષ ઉરાયો–૨ રે. જમાનો ૫૮
પાણી પવિત્ર ગણે ન ભુદેવે, ગામ જમાતરે જાય–૨
પણ ભજીયાં બેચાની દુકાનેથી ખાંતે લઇને ખાય
અનાચાર આવી ભરાયો—૨ રે. જમાનો ૫૯
સૌ થકી ઉત્તમ દ્વીજ કહાવે, પણ થઇ બેઠા નીચ–
લક્ષ્મીની લાલચે લપટાઇ કરતા પ્રપંચી પેચ
[illegible] ના જાય ખમાયો–૨ રે. [illegible]

વિપ્રો તો વળી છેક વંઠયા જેથી ઘરેઘર અથડાય—૨
બ્રહ્મજ્ઞાન જાણે નહિ તો, કયાંથી તે પોષાય
પાચો મુળમાંથી ખવારો—૨ રે. જમાનો ૬૧
આવે તો વળી બે ઓ રાખી એસે રાખી ચાર—
ખાખી તો ખોળતાજ ફરે છે, ચોળી મફતની છાર
લંગોટે ભેગ લજાવ્યો—૧ રે. જમાનો ૬૨
નારી ગઇ સ્વધામ સીધાવી, સંપત્તિ પામી નાશ—૨
કે ભાઇ પોતે મુડ મુડામી, બેઠા લઇ સન્યાસ
ગૃહસ્થોને પાય પટાયો—૨ રે. જમાનો ૬૩
કોઇ જમાત લઇ રખડે છે રાખી રાજેશ્વરી ઠાઠ—૨
સિદ્ધ ને સાધક બેશ બનીને, વાળ્યો ગામ દાટ
મલીદા માલ ઉડાવ્યો—૨ રે. જમાનો ૬૪
આચારનો નથી અંશજ જેમાં, જાણે ન શાસ્ત્રોનો ભેદ—૨
થાય તેની ગણત્રી જ્ઞાતિમાં, અંતર પામે ખેદ
સાધુ શેઠ માંય ગણાયો—૨ રે. જમાનો ૬૫
પાખંડી દંભી બની બેઠા, સાચા સંત મહંત—૨
તેમણે તો ડખાપંચક કીધું, કાઢીને કલ્પિત પંથ
સારા જગને ભરમાવ્યે—૨ રે. જમાનો ૬૬
આજ ગુરુ એવા અત્રલોકી શકે સમાવી ન શોક—
પણ ધુતી ધન શિષ્યનું લેતાં પાકી મુકાવે પોક
નામ ધરાવ્યો—૨ રે. જ ૬૭

અધ ગુરૂને શિષ્યજ બંડેરો, એવું બન્યું છે આજ-ર
તેમ છતાં બની સિદ્ધના બેટા, ખાલી કરે પતરાજ;
દેખી મમ દીલ દુભાયો-ર રે. જમાનો ૬૮
ભારત ભાગવત કે રામાયણ, રૂડી રીતે વંચાય-ર
ત્યાં જઈ સાંભળતાં ઉંઘ આવે, મારે ગપાટા ગામમાંય
સારી રાત જાય જગાયો-ર રે. જમાનો ૬
ચાર ઘડી ચીત ઠારવા માટે, દેવ મંદીર ગણાય-ર
ત્યાં પણ રંગીત પારણાં ઝુલે, દેખું ઘોડા ને ગાય
ભોં ભોં શબ્દ થાય સુણાયો—ર રે. ૭૦
ઘટી ગયો કસ ભૂગોળમાંથી, ઘટયો સંબંધીનો સ્નેહ-ર
વળી સ્વાદ ઘટયો ઘ્રતમાંથી ખરેખર ઉતરે આછા મે
દગાથી દોસ્ત મરાયો—ર રે. જમાનો ૭૧
કોઇ તણા મનમાં નવ દેખું, અંશ દયાનો લગાર-ર
જ્યાં ને ત્યાં હું નજરે નિહાળું, તામસનો ભંડાર
ખરે કંઇ આવી ભરાયો-ર રે. જમાનો ૭૨
કેટલાં આ રસના પડે તુટી, આવ્યો આંડો આંક-ર
કેલી કરે કાકી/ભત્રીજો ટાંકુ અસત્ય ન ટાંક
[illegible] છપાયો-ર રે. જમાનો ૭૩
[illegible]માં સીતાય-ર
[illegible] ઘર

જે ગુજરાત વિશેજ હતી હા, લક્ષ્મીની લીલા લ્હે
ત્યાં ભટકે છે ભીખારીનાં ટોળાં, આવીને ઘેર ઘેર
ઉઘાડો અંગ દીખાયો–૨ રે. જમાં
ભાગ્ય ભલા કે ભારતમાંહી, પાકે અફીણ કપાસ–
ત્રીજી તંબાકુએ રંગ રાખ્યો, નહિ તો થાત નીરાશ
તથાપી ના સમજાયો—૨ રે. જમાને
ચેતો ચેતો ચીતમાં નરનારી, બાજી હજી છે હાથ-
દેશની દોલત દેશમાં રે'વા, હુન્નરથી ભીડો બાથ
કરો ઉન્નતિના ઉપાયો–૨ રે. જમાં
વૃક્ષનું મુળ ખવાયજ આવે, તો તે રહે શું ટટાર–૨
તેમ વિદેશી મોહ ટળ્યો તેથી ત્યાં લગી થાશો ખુવાર.
સ્વદેશીએ રાસડો ગાયો—૨ રે. જમાનો ૭



શ્રી ભારત મુ